અખાત્રીજે જિલ્લાના ખેડૂતોએ પૂજન કરી ખેતીનો પ્રારંભ કર્યો

શુભ દિવસ હોવાથી શહેરમાં લગ્નોની સરણાઈઓ ગુંજી

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં આજે અખાત્રીજ દિવસને ખેડૂતોએ ધામધૂમપૂર્વક પૂજન કરી ઉજવ્યુ. ખેડૂતોએ ખેતરમાં

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

બળદ જોડી નવા વર્ષની ખેતીની શરૂઆત કરી. અખાત્રીજના દિવસે આજે વાહન ખરીદી, અક્ષર તૃતિયા, લગ્નો, સગાઈ માટે વણજોયેલુ મુહૂર્ત હોવાથી લગ્નો પણ પૂરબહારમાં થયા છે.

વર્ષો જુની માન્યતા મુજબ ખેડૂતો અખાત્રીજના દિવસથી નવા વર્ષની ખેતીની શરૂઆત કરે છે. ખેડૂતો ખેતરમાં હળતરા જોડે છે. અને આ બળદોની જોડીને ઘરની દિકરીના હાથે બળદને તિલક કરાવી, નાળાસડી બાંધીને ધરતીનું અને બળદનું પૂજન કરવામાં આવે છે.

બાદલાતા સમયમાં ખેડૂતોએ બળદને સ્થાને ટ્રેક્ટરનું પૂજન કર્યું હતું. વર્ષ આખુ ખેતી કરતા ખેડૂતો માટે ધરતીમા જ સર્વસ્વ છે ત્યારે ખેડૂતોએ સહ પરિવાર ધરતી પૂજન કર્યું હતું. અને તેમનું આવનાર વર્ષ સુખરૂપ જાય અને મબલખ પાક ઉપજે તેવી પ્રાર્થના કરી હતી.

જેમ વસંતપંચમી એટલે વણજોયેલુ મુહૂર્ત તેમ અખાત્રીજ પણ વણજોયેલુ મુહૂર્ત કહેવાય ત્યારે આજના દિવસને લઈને જિલ્લામાં લગ્નની શરણાઈઓ સાંભળવા મળી હતી. સાથે સાથે અપરણિત યુવક-યુવતીઓની સગાઈની રસમ પણ કરવામાં આવી હતી. આજે અક્ષર તૃતિયાનું પણ મહત્વ રહેલું છે.

શહેરની ગૃહિણીઓએ મોટા પ્રમાણમાં સોનાના ઘરેણાની ખરીદી કરી છે. શુભ દિવસ હોવાથી શહેરના જ્વેલર્સને ત્યા ભીડ જોવા મળતી હતી. તેમજ આજે વાહન ખરીદવા માટે પણ શો રૂમોમાં ભીડ જોવા મળતી હતી. એક માન્યતા મુજબ આજના દિવસે જેટલુ પુણ્ય કમાવાય તેટલુ કમાવવુ જોઈએ ત્યારે જો કીડીઓનું કીડીયારૂ પુરવામાં આવે તો આજે મેળવેલુ પુણ્ય એ આખા વર્ષમાં મેળવેલ પુણ્ય જેટલુ હોય છે.

ચંદનનું રેકેટ બહાર લાવવા આંધ્ર ગયેલી પોલીસ ખાલી હાથે પરત

મુખ્ય સૂત્રધાર ક્રિશ્ના રેડ્ડી ઘરે ન મળ્યો : એક પી.એસ.આઈ. તથા છ માણસોની ટીમ એક આરોપીને સાથે લઇને ગઇ હતી

ગાંધીનગર, તા. ૨

ચંદનના જથ્થા સાથે આંધ્ર-દેશથી દિલ્હી તરફ લઈ જવાઈ રહેલી ટ્રક ગાંધીનગર આર.આર.સેલની ટીમે ગાંધીનગર જીલ્લાના ડભોડા નજીકના જેઠીપુરા ગામ પાસે રોડ પર વોચ ગોઠવીને ઝડપી પાડી રૂ.૧.૪૯ કરોડ ના મુદ્દામાલ સાથે ૩ શખ્સો ની ધરપકડ કરી હતી.તપાસ માટે કોર્ટે ૧૪ દિવસના રીમાન્ડ મંજુર કરતા ઝડપાયેલા ૩ શખ્સોની રેકેટના મૂળ સુધી પહોચવા પોલીસે તપાસ શરુ કરી પોલીસ ની એક ટીમ એક આરોપીને સાથે રાખીને આંધ્ર-દેશ તપાસ માટે નીકળી હતી આજે આ ટીમ ખાલી હાથે પરત ફરી છે.મુખ્ય સુત્રધાર ક્રિંા રેડ્ડી મળી ન આવતા પોલીસને ધરમનો ધક્કો પડ્યો છે.

ડભોડા પાસે જેઠીપુરા ગામે વોચ પર ગોઠવાઈ જઈ આર.આર સેલ ની ટીમે તમિલનાડુ પાસિંગની ચંદન ભરેલી ટ્રક પકડી પાડી હતી.પોલીસે ચેન્નાઈ ના આમીર અલી મહમદ યુસુફ મુસ્લિમ તથા એસ.કે પાલ પાંડિયન કુલાન્ડાઈ પાંડિયન અને તમિલનાડુ ના એન.સીનુંવાસન નાતેસન મળીને ૩ શખ્સોની ૬ મોબાઈલ , ૧૦ હજાર રોકડા તથા ૧૫ લાખ નો ટ્રક અને ૧૧,૧૯૫ કિલો રક્ત ચંદન મળીને કુલ રૂ.૧,૪૯,૬૪,૫૦૦ ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી.પૂછતાછ માં આંધ્ર-દેશના ક્રિંા રેડ્ડી નામના શખ્સે તેમને દિલ્હી માલ લઈ જઈને ફોન કરવા જણાવ્યું હોવાનું બહાર આવતા તે દિશામાં તપાસ શરુ કરી હતી. એક પી.એસ.આઈ. એ કે.ભરવાડ તથા છ માણસો સહિતની ટીમ તપાસ માટે આંધ્ર-દેશ રવાના થઈ હતી.આંધ્ર ની -દેશિક ભાષા જાણતા એક કોન્સ્ટેબલ ને પણ સાથે લઈ જવાયો હતો. મુખ્ય સુત્રધાર ક્રિંા રેડ્ડી પકડાય તો આંતર રાષ્ટ્રીય રેકેટ બહાર આવે તેવી હતી પરંતુ તે તેના ઘરે મળી ન આવતા પોલીસને ધક્કો પડ્યો છે.

અડાલજ પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ બીયરના જથ્થા સાથે પકડાયો

રતનપુર બોર્ડર પર ગાડી ચેકિંગ થતા તેમાંથી ૨૦ પેટી બીયર મળ્યો : ૩.૫૪ લાખના મુદ્દામાલ સાથે પોલીસ કોન્સ્ટેબલ સહિત ત્રણની ધરપકડ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જીલ્લાના અડાલજ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા એક કોન્સ્ટેબલની ગાડીમાંથી રતનપુર બોર્ડર ચેક પોસ્ટ પર ચેકિંગ દરમ્યાન બીયરનો જથ્થો મળી આવતા ચકચાર મચી જવા પામી છે.કોન્સ્ટેબલની શામળાજી પોલીસે ૨૦ પેટી બીયરના જથ્થા સહીત રૂ.૩.૫૪ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી છે.તેની સાથે બીજા બે માણસો પણ હતા.પોલીસે ત્રણેયની ધરપકડ કરીને માલ ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં લઈ જવી રઝ્ઝો હતો તેની તપાસ શરુ કરી છે.

શામળાજી પોલીસ આજે બપોરે ૩ વાગ્યાના અરસામાં રતનપુર બોર્ડરે ચેક પોસ્ટ પર ચેકીંગમાં હતી.તે દરમ્યાન જી.જે.૧૮ એ.એચ ૩૯૦૯ નંબર ની નીકળેલી સ્વીફ્ટ ગાડીનું ચેકિંગ કરતા તેમાંથી ૨૦ પેટી (૪૮૦ નંગ)બીયરનો જથ્થો મળી આવ્યો હતો.નવાઈ ની બાબત તો એ હતી કે બીયરનો જથ્થો ગાડીમાં હેરાફેરી કરનાર ગાંધીનગર જીલ્લાના અડાલજ પોલીસ મથક માં ફરજ બજાવતો એક પોલીસ કોન્સ્ટેબલ જ હતો.વરસોડા ગામમાં રહેતા કોન્સ્ટેબલ વિજયસિંહ ઈશ્વરસિંહ ચાવડા અને તેની સાથે ગાંધીનગરના બે સાગરીતો નરેન્દ્ર સિસોદીયા અને જયપાલ ચુંડાવત શામળાજી પોલીસના હાથે ઝડપાઈ જતા પોલીસે ત્રણેયની રૂ.૩.૫૪ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરીને ડી તપાસ શરુ કરી છે.કોન્સ્ટેબલ કોઈ બુટલેગરના માટે કામ કરતો હતો કે પોતે ધંધો કરતો હતો તે બાબત પર સવાલ ઉઠવા પામ્યા છે.

જેઈઈની મેઈન પરીક્ષાનું રિઝલ્ટ આજે જાહેર કરાશે : ભારે ઉત્સુકતા

અમદાવાદ, તા.૦૨

જેઈઈ(મેઈન)નું પરિણામ આવતીકાલે ત્રીજી મેના દિવસે જાહેર કરવામાં આવનાર છે. જેઈઈ(મેઈન) પેપર આધારિત પરીક્ષા છઠ્ઠી એપ્રિલના દિવસે યોજાઈ હતી. ૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. ૯મી એપ્રિલથી ૧૯મી એપ્રિલ વચ્ચે જેઈઈ (મેઈન) ઓનલાઈન પરીક્ષા યોજાઈ હતી. જેઈઈ(મેઈન) ૨૦૧૪માં પર્ફોમન્સ મુજબ જેઈઈ(એડવાન્સ) ૨૦૧૪ માટે લાયક જાહેર થનાર વિદ્યાર્થીઓ જેઈઈ (એડવાન્સ) પરીક્ષા માટે નોંધણી કરાવી શકશે. સત્તાવાર વેબસાઈટ આના માટે આપવામાં આવી છે.

ઉમેદવારોને જેઈઈ (એડવાન્સ) માટે અરજી કરવા પાંચ દિવસની મહેતલ આપવામાં આવશે. નોંધણીની પ્રક્રિયા નવમી મેએ પુરી થશે. આ પરીક્ષા ૨૫મી મેના દિવસે યોજાશે. અંતિમ પરિણામ ૧૬મી જૂનના દિવસે જાહેર કરવામાં આવશે. પરિણામની જાહેરાત કરવામાં આવ્યા બાદ કોર્સની ઓનલાઈન પસંદગી શરૂ થશે ત્યારબાદ બેઠકોની ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. નોંધણીના સમયે ઉમેદવારોને જન્મના પ્રમાણપત્ર, ધોરણ ૧૦ના પ્રમાણપત્ર સહિતની માહિતી રજૂ કરવી પડશે.

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું પ્રાંગણ કચરાના ઢગથી કદરૂપુ બન્યું

તંત્ર દ્વારા કચરાપેટીની વ્યવસ્થા હોવા છતાં જાહેરમાં કચરો નાંખતા મુલાકાતીઓથી તંત્ર પરેશાન : વિદેશી મહેમાનો દેશની નકારાત્મક છાપ લઈને જાય છે

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા. ૨

અમદાવાદનું ઈન્ટરનેશનલ એરપોર્ટ દૈનિક હજારો મુસાફરો અને મુલાકાતીઓના આવાગમનનું સાક્ષી છે. શહેરમાં ભવ્ય અને આલીશાન ઈમારતો ઝગમગી રહી છે. ત્યારે અમદાવાદનું આ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કચરાના ઢગથી કદરૂપુ બન્યું છે. એરપોર્ટ પર તંત્ર દ્વારા કચરાપેટીઓની વ્યવસ્થા હોવા છતાં લોકોની બેદરકારીભરી માનસિકતાને કારણે ગંદકીનો ફેલાવો થાય છે.

દરરોજ હજારો મુલાકાતીઓ અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવે છે. જેમાં મુસાફરો ઉપરાંત તેમને મુકવા અથવા રીસીવ કરવા આવતા સ્વજનોનો પણ સમાવેશ થાય છે. ઘણીવાર ફ્લાઈટ વહેલી કે મોડી હોય ત્યારે આ મુલાકાતીઓ વેઈટીંગ લોન્જ ઉપરાંત એરપોર્ટના પ્રાંગણમાં આવેલ સુંદર બગીચાનો ઉપયોગ સમય પસાર કરવા માટે કરતા હોય છે. આ બગીચામાં કેટલાક મુલાકાતીઓ બેસીને આનંદ કરતા હોય ત્યારે તેઓ ખાણીપીણીની ચીજવસ્તુઓનો પણ ઉપયોગ કરે છે અને તેનો વધેલો કચરો જ્યાં ત્યાં નાખીને બગીચામાં અસ્વચ્છતા પણ ફેલાવે છે. આ ચીજવસ્તુઓમાં નાસ્તાના ખાલી પેકેટો, પોલીથીલીન બેગો, પાણીની બોટલો ઉપરાંત અસંખ્ય પ્રકારના રેપરોનો સમાવેશ થાય છે.

આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હોવાથી અહીં સ્વદેશ ઉપરાંતવિદેશના મહેમાનો પણ આવાગમન કરે છે. આ વિદેશ આવતા જતા સ્વદેશી અને પરદેશી લોકો સુંદર બગીચામાં આ પ્રકારના દૃશ્યો જોઈ આઘાત અનુભવે છે. અત્યારના સમયમાં એક તરફ સરકારી તંત્ર નિર્મળ શહેર અને રાજ્યના અભિયાન ચલાવે છે. છતાં બીજી તરફ બેદરકાર લોકો તંત્રના આ પ્રયાસો પર પાણી ફેરવી દે છે. એરપોર્ટ પર પુરતા પ્રમાણમાં કચરાપેટીઓની વ્યવસ્થા હોવા છતાં બગીચામાં આનંદ કરતા લોકો ઉભા થઈને કચરો ડસ્ટબીનમાં નાંખવાની તસ્દી લેતા નથી તે અત્યંત ખેદજનક બાબત છે. એરપોર્ટ સત્તાવાળાઓ તરફથી આ બાબતે જો કડક વલણ અખત્યાર કરવામાં આવે તો આવા તત્વોને શિસ્ત અને સ્વચ્છતાના પાઠ ભણવા મળે અને દેશની છબી આંતરરાષ્ટ્રીય મહેમાનો સમક્ષ ખરડાય નહી.

અમદાવાદના યુવાને ભાઈને સવારે ફોન કરીને કહ્યું...

હું જમીયતપુરા કેનાલમાં છલાંગ લગાવીને આપઘાત કરું છું...!!

ફાયર બ્રિગેડ અને બહિયલના તરવૈયાઓએ કેનાલમાં શોધખોળ કરી પરંતુ મળી આવ્યો નહીં

ગાંધીનગર, તા. ૨

અમદાવાદના ચાણક્યપુરી વિસ્તારમાં રહેતા એક યુવાને આજે સવારે તેના ભાઈને ફોન કર્યો હતો કે તે ગાંધીનગર વિસ્તારની જમીયતપુરા નર્મદા કેનાલમાં ચલાંગ લગાવીને આપઘાત કરું છુ. આટલું કહીને તેણે ફોન કટ કરીને સ્વીચ ઓફ કરી નાંખ્યો હતો. ચિંતિત ભાઈએ પોલીસને જાણ કરતા અડાલજ પોલીસ કેનાલ પાસે આવી પહોંચી હતી. ફાયરબ્રિગેડ તથા બહિયલના તરવૈયાની ટીમને કેનાલમાં ઉતારવામાં આવી છે પરંતુ મોડી સાંજ સુધી યુવાનના સગડ મળ્યા ન હતા.

મળતી માહિતી મુજબ આજે સવારના અરસામાં અમદાવાદના ચાણક્યપુરી વિસ્તારમાં રહેતા એક યુવાને તેના ભાઈ ને ફોન કર્યો કે તે જીન્દગી થી કંટાળી ગયો છે અને અત્યારે ગાંધીનગરની જમીયતપુરા વિસ્તારમાં આવેલી કેનાલ પાસે ઉભો છે.અને કેનાલમાં કુદીને આપઘાત કરે છે. ફોન પર આટલું કહીને તેણે ફોન કટ કરી દઈ તાત્કાલિક તેનો મોબાઈલ સ્વીચ ઓફ કરી નાંખ્યો હતો.ખુબ જ ચિંતાતુર હાલતમાં તેનો ભાઈ અમદાવાદથી ગાંધીનગર ના જમીયતપુરા વિસ્તારને શોધતો શોધતો આવ્યો અને પોલીસ તથા ફાયર બ્રિગેડને જાણ કરીને બોલાવી લીધી હતી.ગાંધીનગર ફાયર બ્રિગેડ તથા બહિયલના તરવૈયાની ટીમને યુવાનની શોધખોળ માટે કેનાલમાં ઉતારવામાં આવી હતી.આખો દિવસ યુવાન ની શોધખોળ કરવા છતાં મોડી સાંજ સુધી કોઈ પત્તો લાગ્યો નથી.મોડી સાંજ સુધી પાણીમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

માઉન્ટ કાર્મેલ સ્કૂલના સંચાલકોની વાલીઓને સહયોગ આપવાની નમ્ર અપીલ

નાના બાળકોની વિશેષ કાળજી અને સુવિધા સાચવવાના આશયથી શાળા સમયમાં ફેરફાર કરાયો છે

ગાંધીનગર, તા. ૨

છેલ્લા ૪૪ વર્ષોથી ગાંધીનગરમાં પ્રશંસનીય શિસ્ત સાથે શિક્ષણ આપતી માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં વિદ્યાર્થીઓ અને વાલીઓની માંગણીને સ્વિકારીને ધોરણ-૧૧ અને ૧૨ના કોમર્સ ઉપરાંત વિજ્ઞાન અને આર્ટસ પ્રવાહના વર્ગોશરૂ કરવામાં આવ્યા છે. ગાંધીનગરના વધુ ને વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ ઉપલબ્ધ કરાવી શકાય એવા ઉદ્દેશ સાથે શાળાના વર્તમાન ઉપલબ્ધ માળખાને ધ્યાને લેતાં શાળામાં ભણતા નાના વિદ્યાર્થીઓની વધુ સુવિધા અને સરળતા ખાતર આગામી શૈક્ષણિક વર્ષથી ધોરણ-૧ થી ૪ નો સમય બપોરે ૧૧.૪૫ થી ૫.૦૦ નો કરવાનો નિર્ણય લેવાયો છે.

માઉન્ટ કાર્મેલ સ્કૂલના સંચાલક મંડળ દ્વારા જણાવાયું છે કે, અસરકારક શિક્ષણ, બાળકોનો સર્વાંગી વિકાસ અને શિસ્ત એ માઉન્ટ કાર્મેલ સ્કૂલની આગવી ઓળખ રહી છે, પરિણામે વધુ ને વધુ વાલીઓ પોતાના બાળકો ઉચ્ચત્તર શિક્ષણ પણ આ જ શાળામાં મેળવે એવો આગ્રહ રાખી રહ્યા છે. વાલીઓની પ્રચંડ માંગણીને સ્વિકારીને શાળામાં ધોરણ:૧૧ અને ૧૨ના કોમર્સ ઉપરાંત અને આર્ટસ અને વિજ્ઞાન પ્રવાહના વર્ગો પણ શરૂ કરવામાં આવ્યા છે. આ માટે શાળા સંકુલમાં નવુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ ઉભું કરવામાં આવી રહ્યું છે.

વિદ્યાર્થીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં લઈને તમામ બાળકોને શાળા સંકુલમાં પુરતી મોકળાશ અને ખુલ્લા મેદાનો મળી રહે તે પણ અનિવાર્ય છે. એટલું જ નહીં નાના ભૂલકાંઓને વધુ મોકળાશ અને પુરતી સ્વતંત્રતા મળી રહે તે જોવાની જવાબદારી પણ શાળાની છે. આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને નાના બાળકોની વિશેષ ચિંતા અને કાળજીના ભાગરૂપે જ માત્ર ધોરણ ૧ થી ૪ ના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓને શાળાકીય અભ્યાસ પછી પણ વિશેષ અભ્યાસ માટે સમયની આવશ્યકતા હોય છે. એટલે ધોરણ-૧૧ અને ૧૨નો સમય સવારનો જ રાખવો વધુ હિતાવહ છે.

શાળા સંચાલકોએ એમ પણ જણાવ્યું છે કે, નાના ભૂલકાંઓના હિતનો હોવા છતાં પણ આ નિર્ણય થોપી બેસાડવામાં આવ્યો નથી. નિર્ણય કરતાં પહેલાં વાલી અને શિક્ષક મંડળના સભ્યો સાથે આ અંગે વિસ્તૃત-વિમર્શ અને ચર્ચા-વિચારણા કરવામાં આવ્યા હતા. તમામ બાબતો વિષે પુરતી વિચારણા કર્યા પછી બાળકોના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

નર્સરી-કે.જી. થી લઈને શાળામાં ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરતા તમામે તમામ બાળકોની એક સરખી અને પુરતી કાળજીની ચિંતા શાળા સંચાલકોને હોય જ. શાળાના તમામ બાળકો અને તેમના વાલીઓ પણ શાળા પરિવારનો જ એક ભાગ છે, એટલે શાળા સંચાલકોને તમામ બાળકોની એક સરખી ચિંતા છે. માઉન્ટ કાર્મેલ સ્કૂલના સંચાલક મંડળે બાળકોના સર્વાંગી વિકાસની અને તેમના ઉજ્જવળ ભવિષ્યની હંમેશા ચિંતા કરી છે. બાળકો અને વાલીઓના મન અને હૃદયમાં પણ સ્કૂલ ગરિમાપૂર્ણ સ્થાન ધરાવે છે.

ગાંધીનગરની ઘણી શાળાઓમાં પ્રાથમિક ધોરણનો શાળા સમય બપોરનો છે. બાળકોના વ્યાપક હિતમાં સંચાલક મંડળે લેવા પડેલા આ નિર્ણયને વાલીઓ પ્રેમપૂર્વક સ્વિકારે એવો અનુરોધ કરતા માઉન્ટ કાર્મેલ સ્કૂલના સંચાલકોએ વાલીઓને સહયોગ આપવા નમ્ર અપીલ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૦
સૂર્યાસ્ત : ૭.૦૪

તાપમાન

મહત્તમ : ૪૦.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૨૦ ટકા

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
સ્પાઈડરમેન-૨ (ડી-અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
કહી હૈ મેરા પ્યાર : ૧૦.૦૦, ૭.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
પુરાની જીન્સ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૬.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૪ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૪૫
કયા દિલ્હી કયા લાહોર : ૮.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સ્પાઈડર મેન-૨ ડી(હિન્દી) :
૧૦.૦૦,૧.૦૦,૪.૧૦,૭.૨૦,૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્પાઈડરમેન-૨ ડી (હિન્દી) :
૯.૦૦,૧૨.૦૦,૩.૧૦,૬.૨૦,૯.૩૦
: સ્ક્રીન-૩ :
પુરાના જીન્સ: ૯.૦૦, ૨.૪૫, ૮.૩૦
સ્પાઈડરમેન-૨ ૨ડી (હિન્દી) : ૧૧.૪૫, ૫.૩૦
: સ્ક્રીન-૪ :
૨ સ્ટેટસ્ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

આર વર્લ્ડ (અડાલજ)

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
પુરાની જીન્સ : ૧૧.૦૦, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૨.૦૦, ૭.૩૦
૨ સ્ટેટ્સ : ૪.૧૫
: સ્ક્રીન-૨ :
સ્પાઈડર મેન-૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
કહી હૈ મેરા પ્યાર : ૧૦.૦૦, ૪.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦
૨ સ્ટેટ્સ : ૭.૦૦, ૧૦.૦૦

ગ્રીષ્મોત્સવ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગ્રીષ્મોત્સવ નિમિત્તે રાત્રે ૭.૩૦ કલાકે, કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ ખાતે ઓસમાણ મીર લોકગીત અને ગઝલનો કાર્યક્રમ પ્રસ્તુત કરશે.

આપની આજ

મેષ : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો યોગ. મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

વૃષભ : ધૈર્ય અને સંયમ રાખવો પડશે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ થશે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે.

કર્ક : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી.

સિંહ : પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસો સાર્થક થશે. વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે.

કન્યા : નવી યોજના બનશે જેનો લાભ ભવિષ્યમાં થશે, પર્યત્નો ચાલુ રાખવા, કુટુંબમાં સામંજસ્ય બન્યુ રહેશે. મિત્રો અને વાંચવા લખવાનાં કાર્યોમાં રુચિ જાગૃત થશે .

તુલા : તમારા કાર્યોની સમાજમાં પ્રસન્નતા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ.

વૃશ્ચિક : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવી શકશે. વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

મકર : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ પ્રાપ્ત થઈ શકે છે.

કુંભ : વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું.

મીન : ધન પ્રાપ્તિનો વિશેષ યોગ. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. મિત્રોનો સહકાર મળી રહેશે.